## કે.પી. હાઉસ ખાતે ૭૬મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ

# કે.પી. હ્યુમનના ડિરેક્ટર ફારૂક પટેલની આગેવાનીમાં પહેલા તિરંગા સાથે અને ઢોલ-નગારા સાથે પ્રભાત ફેરી નીકળી હતી

## રોજ દેશ માટે એક નાનું કામ કરો, કોઈપણ એક સેવા કરો, દેશને વધુ ઊંચાઈએ લઈ જવા માટે નાના-નાના કામ પણ મોટી ભૂમિકા નિભાવે છે : મુનાફ પટેલ



સુરત, તા.૧૭

સ્વતંત્ર દિન નિમિત્તે સુરતમાં ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ફાસ્ટ બોલર અને વિશ્વ કપ વિજેતા ટીમના સભ્ય રહી મહત્ત્વની ભૂમિકા નિભાવનાર મુનાફ પટેલે સુરતમાં ધ્વજારોહણ કર્યું હતું. કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા ભટાર રોડના કે.પી. હાઉસ ખાતે ઉજવાયેલા ૭૬મા સ્વતંત્ર દિન અને ૭૫મા આઝાદી અમૃત મહોત્સવ નિમિત્તે મુનાફ પટેલે ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપી હતી. કે.પી. હ્યુમનના ડિરેક્ટર ફારૂક જી. પટેલની આગેવાનીમાં તે પહેલા તિરંગા સાથે અને ઢોલ-નગારા સાથે પ્રભાત ફેરી નીકળી હતી જેમાં ડિરેક્ટર મુનાફ પટેલ સહિત બાળકો, વૃદ્ધો, મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ફેરીમાં આઝાદી અમર રહો અને જયહિંદના ઘોષ લાગ્યા હતા. મુનાફ પટેલે સંદેશો આપતા કહ્યું હતું કે, રોજ દેશ માટે એક નાનુ કામ કરો. કોઈપણ એક સેવા કરો. દેશને વધુ ઊંચાઈએ લઈ જવા માટે નાના-નાના કામ પણ મોટી ભૂમિકા નિભાવે છે. ફારૂક પટેલે કહ્યું હતું કે, આજે ભર વરસાદમાં આપણે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી તિરંગાને સલામી આપી રહ્યા છીએ. આ પળ ૧૯૪૭ના દિનની યાદ અપાવે છે. તે વખતે પણ વરસાદ હતો. શુક્રવારે હતો અને રમઝાનનો ૨૭મો રોજો હતો. આપણે હું અને મારી આખી નસ્લ વિશ્વના પતન સુધી આઝાદીનો આ પર્વ મનાવતા રહીશું અને દેશને વધુ આગળ વધારવા યોગદાન આપતા રહીશું. આ રાષ્ટ્ર પ્રેમના કાર્યક્રમમાં રાજ્યના પૂર્વ ડીજીપી બિસ્ટ પણ ઉપસ્થિત રહીને દેશ સેવાનો સંદેશો આપ્યો હતો.

**નામ બદલેલ છે.**

મારું જુનું નામ શેખ હસીનોદીન રહીમોદીન હતું જે બદલીને નવું નામ- શેખ હસીનુદ્દીન રહીમુદ્દીન રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું:- ૨૧૦, જુની પંચાયત, મુ.પો.લીમોદ્રા,તા. ઝગડીયા, જી.ભરૂચ.
લી. શેખ હસીનુદીન રહીમુદીન



# કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા ૭૬માં સ્વતંત્ર દિનની ઉજવણી

## પૂર્વ ક્રિકેટર મુનાફ પટેલના હસ્તે ધ્વજા રોહણ

સુરત, તા. ૧૬

સ્વતંત્ર દિન નીમીતે સુરતમાં ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ફાસ્ટ બોલર અને વિશ્વ કપ વિજેતા ટીમના સભ્ય રહી મહત્વની ભૂમિકા નિભાવનાર મુનાફ પટેલે સુરતમાં ધ્વજા રોહણ કર્યું હતું . કેપી હ્યુમન . ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા ભટાર રોડના કેપી હાઉસ ખાતે ઉજવાયેલા ૭૬માં સ્વતંત્ર દિન અને ૭૫માં : આઝાદી અમૃત મહોત્સવ નિમિત્તે મુનાફ

**અનુસંધાન પાના ૭ પર**

# ભાટીયાની કે.પી.એનર્જી લી.દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



(નિલેશ કાનાણી દ્વારા) ભાટીયા તા.૨૩ : ૭૬માં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર ભારતવાસીઓમાં દેશ ભકિતનો જુવાળ જોવાં મળ્યો હતો, ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિન્ડફાર્મ પ્રોજેકટ હેઠળ કાર્યરત કે.પી.એનર્જી લી-સુરતના કર્મચારીઓ દ્વારા ૭૬માં સ્વાંતત્ર્ય પર્વ નિમિતે ભાટીયા થી ખાખરડા ગામ સુધી બાઈક રેલીનું આયોજન કર્યું હતું હર ઘર તિરંગા ઝુંબેશ અંતર્ગત કે.પી.એનર્જીના કર્મચારીઓ હાથોમાં તિરંગાઓ સાથે બાઈક રેલીમાં નીકળ્યા ત્યારે રાજમાર્ગ ઉપર દેશ ભકિતનું અનેરૂ દ્રશ્ય જોવા મળ્યું હતું.ત્યારબાદ ખાખરડા ગામ મધ્યે આવેલ કંપનીના વીજ સબસ્ટેશન ખાતે આન-બાન અને શાન સમા તિરંગાને લહેરાવવામાં આવ્યો હતો.આ ધ્વજવંદનના કાર્યક્રમમાં કે.પી.એનર્જીના અધિકારી મનોજ મિશ્રા સહિતના ખૂબ મોટી સંખ્યામાં સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.